"જ્ઞાનયજ્ઞ"ની પહેલી ગ્ર

# શ્રી ...કાધ્યાયી ...

ભગવાન જ્ઞાનેશ્વર કહે છે કે "ગીતાનો આ
અધ્યાય ગીતા મંદિરનો કલશ છે; એના
સમગ્ર ગીતાના પાઠનું શ્રેય મળે"



તાણ્યે બળે,
પોથીથી બળે,
ઔષધ સેવ
વાક્ય ભક્ત્યે ટળે

સાહિત્ય
અનેક ઉપાસ
માસમાં નિ
...માવૃત્તિ-૧

# दरेक वांचनारने सूचना.

---

ापणा देशनी स्थिति एवी छे के, लगी वांची
थी पण सेंकडे नेवु माणसो पैसा खर्चीने
नो लाभ लई शकतां नथी. आवां मनुष्योमां
सारभूत चोपडी चोपानीयां विना मूल्ये
ाथी आ संस्थाए "ज्ञानयज्ञ"नी योजना
ा योजनाना निभाव माटे "ज्ञानयज्ञ
ड खोलीने ते खातेज आ "ऐका-
ाईपाई छे. आ योजना वर्षो वर्ष अम-
बीजां लाखो मनुष्योमां ए तेजनां
वर्धक पुस्तको ब्रहथी फेलाया करे;
ावखतोवखत सहाय आपवी ए प्रत्येक
ारज छे.

ा न मळवाथी तेने नकामी नहि
अथवा बने त्यारे त्यारे वांचवा
ाने तेमां कह्या प्रमाणे आच-
ा अवश्य सत्य श्रेयने पामशे.
ाजे मनुष्यो वांची न जाणतां
ाोपानीयां वांची संभळाव-
ासेवानो एक रुडो मार्ग छे.
ाश होवाथी के बीजा कार-
ाग न होय, तेमणे पाठ
ाजा कोईने आपी देवी.

૫-પોતાને ત્યાં આવતા પ્રત્યેક નાના મોટા સાંસારિક પ્રસંગો ઉપર પોતાનાં મહેમાન, પડોશી, મિત્રો, જ્ઞાતિજનો અથવા ગામ લોકોનો ખાનપાનાદિ વડે સત્કાર કરતી વખતે, બીજા ખર્ચમાં થોડી કસર કરીને પણ, વધારે અગત્યના માનસિક ખોરાકરૂપ નાનાં મોટાં ચોપડી ચોપાનીયાં તેમને દરેકને ભેટ કે લ્હાણી તરીકે આપવાં જોઇએ; તેમજ પોતાના મિત્ર, પડોશી વગેરેને ત્યાં તેવા પ્રસંગ આવતાં તેમને પણ તેમ કરવા પ્રેરણા કરવી જોઇએ. આમ કરવાથી આ પ્રકાર ક્રમે ક્રમે એક ઉમદા રૂઢિરૂપ બની રહી જનસમાજમાં પરસ્પર સહજે સહજે ધર્મ-નીતિ, જ્ઞાન-ચારિત્ર્ય, આચાર-વિચારની, શુદ્ધિ વૃદ્ધિ પ્રેરાવા લાગશે.

૬-આ સંસ્થાએ જે અનેક નાનાં મોટાં ઉત્તમ અને સસ્તાં પુસ્તકો કહાડ્યાં છે; તે પણ ઉપલા કામ માટે ઉપયોગી છે.

૭-અન્ન વિનાના શરીરની પેઠે જ્ઞાન વિનાનું મન તથા ચારિત્ર્ય વિનાનું જીવન પણ નિર્માલ્ય અને દુઃખદાયકજ હોવાથી, તે જ્ઞાન ચારિત્ર્યની શુદ્ધિ વૃદ્ધિ અર્થે છેવટ રોજ પાઈ પૈસો પણ અલગ કહાડીને દરેકે પોતાના ઘરમાં સારાં પુસ્તકોનો ઉમેરો કર્યા કરવો જોઈએ. વારસામાં મુકી જવા માટે પણ સારાં પુસ્તકોના જેવું ઉત્તમ ધન બીજું નથી.

૮-આ એકાધ્યાયી ગીતાઓ મૂલ્યથી તો (૦। ની ૧૦) સદાજ મળશે. ૧૦૦ ની રકમ ખર્ચનારને તેના નામ ઈ૦ સાથેની પાંચ હજાર પ્રતની જુદી આવૃત્તિ પણ છાપી અપાશે.

વાંચકો, સહાયકો, પ્રચારકો અને સર્વ કોઈ પોતાના સત્ય હિતને જાણે, મેળવે અને પરમ સુખને પામે. ઇતિ ૐ

**સસ્તું સાહિત્ય વ૦ કા૦-અમદાવાદ અને મુંબઇ.**

# संस्थानो टुंक परिचय.

આ સંસ્થાનું નામ **"સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય"** છે; અને લોકહિતાવહ પુસ્તકો લાગત કિંમતે પ્રસિદ્ધ કરી તેને બને તેટલાં સુલભ બનાવવાં, એ તેનો ઉદ્દેશ છે.

૧૬ વર્ષમાં થઈને આ સંસ્થાએ ૧૫૦ કરતાં વધુ પુસ્તકોની શુમારે આઠેક લાખ પ્રત પ્રસિદ્ધ કરી છે. એમાં મુખ્ય ભાગે ભગવદ્ગીતા, સ્વામી રામતીર્થ, વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, યોગવાસિષ્ઠ, વાલ્મીકિ રામાયણ, ભાગવત, દાસબોધ, જ્ઞાનેશ્વરી, શાન્તિપર્વ, આર્યધર્મનીતિ, ઈ૦ ધર્મગ્રંથો છે; અને બાકીના ગ્રંથ જીવનચરિત્ર, ઈતિહાસ, વૈદક, વાર્તાઓ, નીતિ, બાળશિક્ષણ, ચારિત્ર્ય, વગેરેના છે.

આ સંસ્થાનું મુખ્ય સ્થળ **અમદાવાદમાં**, સેશન કોર્ટ પાસે ભાડાના મકાનમાં છે; અને **મુંબઈમાં** કાલબાદેવી રોડ, હાથી બિલ્ડીંગમાં ત્રીજે માળે હોઈ ત્યાંનો ટાઈમ સવારે ૭થી ૧૦ સુધી છે. ગત વર્ષથી સંસ્થાનું પોતાનું છાપખાનું શરૂ થયું છે. મકાનની જરૂર હવે અનિવાર્ય છે.

આ સંસ્થામાં મળતાં કેટલાંક પુસ્તકોની યાદી આ ચોપડીનાં છેલ્લાં પૃષ્ઠોમાં આપી છે. પુરું સુચીપત્ર જુદું મળે છે.

સંસ્થાદ્વારા વખતો વખત નીકળતાં પુસ્તકો, ધનસહાય, વગેરે બાબતોની ખબર સંસ્થા તરફથી નીકળતી "વિવિધ ગ્રંથમાળા" દ્વારા અપાતી રહે છે.

સંસ્થાના ૧૯૭૨ સુધીનાં દશ વર્ષના અહેવાલમાં તેની ઉત્પત્તિ, સ્થિતિ, પદ્ધતિ, આવશ્યકતાઓ વગેરે દર્શાવેલું છે.

**સસ્તું સાહિત્ય વ૦ કા૦ અમદાવાદ અને મુંબઈ.**




# श्री एकाध्यायी गीता

(શ્રીમદ્ ભગવદ્ગીતાનો ૧૮મો અધ્યાય.)

## मोक्षसंन्यासयोग.

---

अर्जुन उवाच । અર્જુન બોલ્યા:-

**संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।**
**त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥१॥**

હે મહાબાહો ! હે હૃષીકેશ ! હે કેશિનિષૂદન ! હું ફરી પણ સંન્યાસના તથા જ્ઞાનના તત્વને જુદું જુદું જાણવા ઇચ્છું છું. ૧

श्रीभगवानुवाच । શ્રીભગવાન બોલ્યા:-

**काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।**
**सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥२**

કંઈ વિદ્વાનો કામનાવાળાં કર્મોના ત્યાગને સંન્યાસ સમજે છે;અને કંઇ વિદ્વાનો સર્વ કર્મોનાં ફલના ત્યાગને ત્યાગ કહે છે. ૨

**त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।**
**यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ॥३**

કંઇ એક વિદ્વાનો એમ કહે છે કે સર્વ કર્મ દોષવાળાં હોવાથી ત્યાજ્ય છે;ને બીજા એમ કહે છે કે યજ્ઞ, દાન અને તપ, એ કર્મો ત્યાજ્ય નથી. ૩

**निश्चयं शृणु मे तत्र त्यागे भ तसत्तम ।**
**त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः॥४**

હે ભરતશ્રેષ્ઠ ! એ ત્યાગ વિષે મારો નિશ્ચય સાંભળ. હે પુરૂષશ્રેષ્ઠ ! ત્યાગ પણ ત્રિવિધ કહેલો છે.

**यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।**
**यज्ञो दानं तपश्चैव [illegible]नि मनीषिणाम् ५**

યજ્ઞ, દાન અને તપ, એ કર્મો ત્યાજ્ય નથી પણ તે કરવા યોગ્યજ છે; કેમકે યજ્ઞ, દાન અને તપ, એ તો વિદ્વાનોને પણ પાવન કરનારાં છે.

एतान्यपि तु कर्माणि संगं त्यक्त्वा फलानि च
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥६॥

પરંતુ હે પાર્થ ! તે કર્મો વિષયાસક્તિ તથા ફળનો ત્યાગ કરીનેજ કરવાં જોઇએ; એ પણ મારો ઉત્તમ અને નિશ્ચિત મત છે. ૬

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः॥७

સ્વભાવનિયત કર્મનો સંન્યાસ યોગ્ય નથી; છતાં મોહથી તેનો પરિત્યાગ કરવો તે ત્યાગને તામસ કહેલો છે. ૭

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ८

કર્મો દુઃખરૂપ છે, એમ સમજીને શરીર-શ્રમના ભયથી જે તેને ત્યજી દે, તે એવો રાજસ ત્યાગ કરીને ત્યાગના ફળને નથીજ પામતો. ૮

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।
संगंत्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विकोमतः

હે અર્જુન ! કર્તવ્ય છે, એમજ સમજીને

આસક્તિ તથા ફળના ત્યાગપૂર્વક જે શાસ્ત્ર-
નિયત કર્મ કરાય; તેજ ત્યાગને સાત્વિક માન્યોછે.

**न द्वेष्टयकुशलं कर्म कुशले नानुषज्जते ।**
**त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥**

જે ત્યાગી અકુશળ કર્મના દ્વેષ કરતો નથી તેમ કુશળ કર્મમાં આસક્ત થતો નથી; તે સત્વગુણી, બુદ્ધિમાન અને સંશયમુક્ત છે. ૧૦

**न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।**
**यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥**

દેહધારીઓને માટે સઘળાં કર્મોનો ત્યાગ થવો શકય નથી; માટે "જે કર્મફળને ત્યજે તેજ ત્યાગી" એમ કહેવાય છે. ૧૧

**अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।**
**भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् ॥**

કરેલાં કર્મનું સારૂં, નરસું અને મિશ્ર, એવું ત્રણે પ્રકારનું ફળ; ફળેચ્છુ અત્યાગીને મુવા પછી પણ ભોગવવુંજ પડે છે. ફળત્યાગી સંન્યાસીનેજ તે કોઇકાળે ભોગવવું પડતું નથી. ૧૨

पंचतानि महाबाहो कारणानि निबोध मे ।
सांख्ये कृतांते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥

હે મહાબાહો ! સર્વ કર્મો થઇ શકવામાં સાંખ્યશાસ્ત્રે જે પાંચ કારણ આવશ્યક કહ્યાં છે; ત હવે તું મારી પાસેથી સાંભળ. ૧૩

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पंचमम् १४

એમાં અધિષ્ઠાન, કર્તા, ઇંદ્રિયાદિ જુદાં જુદાં સાધન, વિવિધ પ્રકારની ભિન્ન ભિન્ન ક્રિયા અને પાંચમું કારણ દૈવ છે. ૧૪

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पंचैते तस्य हेतवः १५
तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः १६

શરીર, મન કે વાણીવડે મનુષ્ય જે કાંઈ શુભ અથવા વિપરીત કર્મ આરંભે છે; તેમાં એ પાંચે વસ્તુ કારણરૂપ હોવા છતાં જે કોઈ અશુદ્ધ બુદ્ધિને લીધે કેવળ પોતાનેજ કર્તા સમજે છે;

તે દુર્મતિ ખરૂં સમજતો નથી. ૧૫, ૧૬

यस्य नाहं‌ृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हंति न निब ्यत १७

જેને 'હું કર્તા' એવી ઉંધી ભાવના નથી તેમ જેની બુદ્ધિ લેપાતી નથી; તે આ સમગ્ર લોકોને હણીને પણ નથી હણતો કે નથી બંધાતો. ૧૭

ज्ञानं ज्ञेयं परि ाता त्रिविधा कर्मचो ना ।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्र ः ॥१८

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય, એ ત્રણના સંયો-ગથી ઇચ્છા ઉત્પન્ન થઇ કર્મની પ્રવૃત્તિ થાય છે અને સાધન, ક્રિયા તથા કર્તા, એ ત્રણના સંયોગથી કર્મ કરી શકાય છે. ૧૮

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि १९

સાંખ્યશાસ્ત્રમાં જ્ઞાન, કર્મ તથા કર્તાને ગુણ-ભેદે ત્રિવિધજ કહ્યાં છે; તે પણ યથાવત્ સાંભળ.

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम्

१०५८९



જે જ્ઞાનવડે સર્વ વિભક્ત (જુદાં પડેલાં) ભૂતોમાં એકજ અવિભક્ત અવિનાશી પરમાત્મતત્વ રહેલું જણાય, તે જ્ઞાનને સાત્વિક જાણવું.

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान्।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम्॥ २१

જે જ્ઞાનથી જુદાં જુદાં સર્વ ભૂતોમાં જુદા જુદા પ્રકારના જુદા જુદા આત્મા રહેલા સમજાય; તે જ્ઞાનને રાજસ જાણવું. २१

यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम्।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥२२॥

જે જ્ઞાન એક કાર્યરૂપ શરીરમાંજ સર્વસ્વની પેઠે આસક્ત થાય છે; અને જે યુક્તિરહિત, તાત્પર્યરહિત અને અલ્પ છે, તેને તામસ કહેલું છે. २२

नियतं संगरहितमरागद्वेषतः कृतम्।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥२३॥

ફળેચ્છા રહિત મનુષ્યને હાથે જે શાસ્ત્રોક્ત અને સ્વભાવનિયત કર્મ રાગદ્વેષ વિના અનાસક્તપણે કરાય; તે કર્મ સાત્વિક કહેવાય છે. २३

यत्तु काम[illegible]ना कर्म [illegible] वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृत[illegible] ॥२४॥

વિષયેચ્છુ કિંવા અહંકારી મનુષ્યને હાથે જે કર્મ બહુ શ્રમથી કરાય, તેને રાજસ કહ્યું છે.

अनुबंधं क्षयं हिंसामनपे[illegible]च च पौरुषम् ।
माहा[illegible]रभ्यते कर्म यत्तत्तामस[illegible]च्यत ॥२५॥

જે કર્મ ક્ષય, હિંસા, સામર્થ્ય અને પરિણામનો વિચાર ન કરતાં માત્ર મોહથીજ આરંભાય; તે કર્મ તામસ કહેવાય છે. ૨૫

[illegible]कसंगाऽनहंवादी धृ[illegible]त्साहसमान्वितः ।
सिद्ध्यसि[illegible]यार्निर्विकारः कर्ता [illegible] उच्यते

આસક્તિ વિનાનો, પોતાને કર્તા નહિ કહેનારો, ધૈર્ય અને ઉત્સાહવાળો, તથા સિદ્ધિ અસિદ્ધિમાં વિકારવિનાનો કર્તા સાત્વિક કહેવાય છે.

रागी [illegible]मफलप्रेप्सु[illegible]ब्धो हिंसात्मका[illegible]चिः ।
[illegible]शोकान्वितः [illegible]ता राजसः परिकीर्तितः२७

આસક્તિવાળો, કર્મફળેચ્છુ, લોભી, ઘાતકી, અપવિત્ર તથા હર્ષ શોકવાળો કર્તા રાજસ કહ્યો છે.

अयुक्तः प्राकृतः स्तब्धः शठो न[illegible]तिकोऽलसः
विषादी [illegible]दीर्घसूत्री च कर्ता तामस उच्यते २८

અસ્થિર, અશિક્ષિત, ઘમંડી, શઠ, અક્રિય, શોક કરનારો, આળસુ અને દીર્ઘસૂત્રી (વિચારમાં જ કાર્યને ઠેલ્યા કરનારો) કર્તા તામસી કહેવાય છે.

बुद्धेर्भेदं धृतेश्चैव [illegible]णतस्त्रिविधं शृणु ।
[illegible] [illegible]थक्त्वेन धनंजय ॥२९॥

હે ધનંજય! ગુણભેદને અનુસરીને બુદ્ધિ તથા ધીરજના પણ ત્રણ ત્રણ પ્રકાર છે; તે સર્વ તને જુદા જુદા કહું છું તે સાંભળ. ૨૯

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये। बंधं
मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्वि[illegible]॥३०

જે બુદ્ધિ પ્રવૃત્તિ શું ને નિવૃત્તિ શું, કાર્ય શું ને અકાર્ય શું, ભય શેમાં ને અભય શેમાં, તથા બંધ શું અને મોક્ષ શું, એ યથાવત જાણે છે; તે બુદ્ધિ હે પાર્થ! સાત્વિકી છે. ૩૦

यया [illegible]र्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ॥

જે બુદ્ધિવડે મનુષ્ય ધર્મ તથા અધર્મને અને કાર્ય તથા અકાર્યને યથાવત જાણી શકતો નથી; તે બુદ્ધિ હે પાર્થ! રાજસી છે. ૩૧

**अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।**
**सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी**

અજ્ઞાનથી ઢંકાયલી જે બુદ્ધિ અધર્મને ધર્મ માને છે અને સર્વ અર્થ હોય તેથી ઉલટાજ માને છે; તે બુદ્ધિ હે પાર્થ! તામસી છે.

**धृत्या यया धारयते मनःप्राणेंद्रियक्रियाः ।**
**योगे नाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी**

જે ધારણાવડે મનુષ્ય પોતાના પ્રાણ તથા ઇંદ્રિયોની ક્રિયાઓને એકનિષ્ઠાથી યોગને અનુકૂળ બનાવેછે; તે ધારણા હે પાર્થ! સાત્વિકી છે.

**यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ।**
**प्रसंगेन फलाकांक्षी धृतिः सा पार्थ राजसी ॥**

હે અર્જુન! જે ધારણા વડે ફળેચ્છુક મનુષ્ય અતિ આસક્તિથી ધર્મ, અર્થ તથા કામનાઓને ધારણ કરે છે; તે ધારણા હે પાર્થ! રાજસી છે.૩૪

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुंचति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ॥

જે ધારણાવડે દુર્બુદ્ધિ મનુષ્ય ઉંઘને, ભયને, શોકને, ખેદને તથા મદને છોડતો નથી; તે ધારણા હે પાર્થ ! તામસી છે. ૩૫

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखांतं च निगच्छति ॥
यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥

હે ભરતશ્રેષ્ઠ ! હવે સુખ પણ ત્રણ પ્રકારનું મારાથી સાંભળ. આત્મબુદ્ધિની પ્રસન્નતાથી ઉપજતા જે અનુપમ સુખમાં કોઈ પણ મનુષ્ય અભ્યાસ કરવાથી રમણ કરી શકે છે અને સર્વ દુઃખોના અંતને પામે છે; તથા જે સુખ આરંભમાં વિષ જેવું પણ પરિણામે અમૃત જેવું હોય છે; તે સુખને સાત્વિક કહ્યું છે. ૩૬, ૩૭

विषयेंद्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥३८

જે સુખ વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી ઉપજે છે; તથા જે પ્રથમ અમૃત જેવું પણ છેવટે વિષ જેવું હોય છે; તેને રાજસ કહ્યું છે.

**यदग्रे चानुबंधे च सुखं मोहनमात्मनः ।**
**निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतः ॥३९**

જે સુખ મનુષ્યને પ્રથમ તેમ છેવટે પણ મોહમાંજ નાખે; તથા જે નિદ્રા, આળસ કે પ્રમાદથી ઉપજેલું હોય; તેને તામસી કહ્યું છે.

**न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः**
**सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात् त्रिभिर्गुणैः**

આ પૃથ્વીમાં, આકાશમાં કે દેવલોકમાં સુદ્ધાં એવો કોઈ પ્રાણી-પદાર્થ નથી, કે જે ઉપર કહેલા પ્રકૃતિજન્ય ત્રણ ગુણોથી મુક્ત હોય.૪૦

**ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ।**
**कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः॥४१**

હે પરંતપ ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એઓનાં કર્મ પણ તેમના સ્વભાવજન્ય ગુણો પ્રમાણે જુદાં જુદાં હોય છે. ૪૧

**शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।**
**ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥**

શમ (મનોનિગ્રહ), દમ (ઇન્દ્રિયનિગ્રહ), તપ, પવિત્રતા, ક્ષમા, સરલતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકતા; એ બ્રાહ્મણનાં સ્વભાવજન્ય કર્મ છે.

**शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।**
**दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ४३**

શૌર્ય, તેજ, ધૈર્ય, ચાતુર્ય, યુદ્ધમાં અપલાયન, દાન અને ઈશ્વરભાવ; એ ક્ષત્રિયનાં સ્વભાવજન્ય કર્મ છે. ૪૩

**कृषिगौरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।**
**परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ४४**

ખેતી, પશુપાલન અને વેપાર, એ વૈશ્યનાં સ્વભાવજન્ય કર્મ છે; અને સેવાવિષયક કર્મ શૂદ્રને માટે પણ સ્વાભાવિક છે. ૪૪

**स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।**
**स्वकर्मनिरतः सिद्धिं यथा विंदति तच्छृणु ॥**

પોતપોતાનાં કર્મોમાં મચ્યો રહેનાર મનુષ્ય

અવશ્ય પરમ સિદ્ધિને પામે છે. પ્રથમ તો તે સામાન્ય સિદ્ધિને જેવી રીતે પામે છે તે સાંભળ.

**यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।**
**स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विंदति मानवः ॥**

જેની સત્તાથી સર્વ ભૂતોની પ્રવૃત્તિ છે, અને જેનાથી આ સર્વ જગત વ્યાપ્ત છે; તે પરમાત્માને સ્વકર્મવડે પૂજીને મનુષ્ય તે સિદ્ધિને પામેછે.

**श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।**
**स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥**

માટે સ્હેલાઈથી આચરી શકાય એવા દેખાતા પરધર્મ કરતાં ઓછા ગુણવાળો દેખાતો સ્વધર્મજ શ્રેષ્ઠ છે. સ્વભાવનિયત કર્મ કરનારો પાપને પામતો નથી. ૪૭

**सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ।**
**सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥४८॥**

માટે હે કૌન્તેય! સ્વભાવજન્ય કર્મ દોષવાળું હોય તોપણ ત્યજવું નહિ; કેમકે ધૂમાડાથી ઢંકાયલા અગ્નિની પેઠે બધાંજ કર્મ દોષથી આવૃત્તછે.

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥

એ પ્રમાણે કરતાં કરતાં મનુષ્ય જ્યારે સર્વત્ર અનાસક્ત બુદ્ધિવાળો, જિતાત્મા અને નિઃસ્પૃહ થાય છે; ત્યારે તે જ્ઞાનનો પ્રેમી થઈ સંન્યાસ યોગવડે શ્રેષ્ઠ 'નૈષ્કર્મ્ય સિદ્ધિ'ને પામેછે.

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौंतेय निष्ठा ज्ञानस्य या परा ५०

હે કૌન્તેય! એ સિદ્ધિને પામેલો જે રીતે પરબ્રહ્મને પામે છે અને જે વાત જ્ઞાનની પરાકાષ્ઠારૂપ છે; તે હવે મારાથી ટુંકામાં સાંભળ. ૫૦

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शब्दादीन्विषयास्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च
विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ५२
अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शांतो ब्रह्मभूयाय कल्पते ॥

વિશુદ્ધ ( અનાસક્ત ) બુદ્ધિવાળો મુમુક્ષુ

ધીરજથી અંતઃકરણને વશ કરીને, શબ્દાદિ વિષયોને ત્યજીને, રાગદ્વેષને દૂર કરીને; એકાંતસેવી, મિતાહારી, મન વાણી કાયાને જીતનાર, નિત્ય ધ્યાનયોગ પરાયણ રહેનાર અને વૈરાગ્યનો સારી રીતે આશ્રય કરનાર થઇને; તેમજ દેહાદિ પ્રત્યેના અહંભાવનો તથા દુરાગ્રહ, કામ, ક્રોધ, મદ અને સંગ્રહનો ત્યાગ કરીને જ્યારે સર્વત્ર મમતા વિનાનો અને શાન્ત બનેછે; ત્યારેજ બ્રહ્મ સાથેનો ઐકયભાવ સમજવાને તે યોગ્ય થાય છે.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ५४

એવી ઐકય બુદ્ધિ પામીને બ્રહ્મભૂત બનેલો પ્રસન્ન ચિત્તવાળો પુરૂષ પછી કશાને શોચતો કે ઇચ્છતો નથી અને સર્વ ભૂતોમાં સમદૃષ્ટિવાળો થઇને મારી પરાભક્તિને પામે છે.૫૪

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनंतरम् ॥

હું જે કાંઈ છું, તથા જેટલી મહત્તાવાળો છું;

તે વાત એ પરાભક્તિ વડે તે તત્ત્વથી સારી પેઠે જાણે છે; અને એમ મને તત્ત્વથી જાણીને તત્કાલ મારામાં પ્રવેશી જાય છે. ૫૫

**सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।**
**मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥५६॥**

મારો આશ્રય રાખનારો કર્મયોગી સર્વ કર્મો સદા કરતો છતો પણ ઉપરોક્ત ક્રમથી મારો કૃપાપાત્ર બનીને તે અનાદિ તથા અવિનાશી પદરૂપ પરમ સિદ્ધિને પ્રાપ્ત થાય છે. ૫૬

**चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।**
**बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥५७॥**

માટે તું મનવડે સર્વ કર્મો મારામાં અર્પણ કરતો રહી મારે પરાયણ થા; અને બુદ્ધિયોગનું અવલંબન કરીને સદા મારામાંજ ચિત્તવાળો થા.

**मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।**
**अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनंक्ष्यसि ॥**

મારામાં ચિત્તવાળો થવાથી તું મારી કૃપાવડે સર્વ અંતરાયોને તરી જઈશ; અને જો અહંકા-

રથી મારૂં નહિ સાંભળે તો વિનાશ પામીશ. ૫૮

यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति
स्वभावजेन कौंतेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात् करिष्यस्यवशोऽपि तत्

અહંકારનો આશ્રય કરીને તું 'યુદ્ધ નહિ કરૂં' એમ માને છે; પણ તારો એ નિશ્ચય મિથ્યાજ છે. તારી ક્ષાત્રપ્રકૃતિજ તને યુદ્ધમાં યોજી દેશે. કેમકે હે કૌંતેય! સર્વ કોઇની પેઠે તું પણ પોતાનાં સ્વભાવજન્ય કર્મ સાથે બંધાયલો હોવાથી મોહને લીધે અત્યારે જે કરવા ઇચ્છતો નથી; તે છેવટ પ્રકૃતિને વશ થઇને પણ કરીશજ. ૫૯, ૬૦

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया ॥६१॥
तमेव शरणं गच्छ सर्वभावेन भारत । तत्प्र-
सादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम्

હે અર્જુન! જે ઇશ્વર સર્વભૂતોના હૃદય-પ્રદેશમાં રહેલો છે, અને જે શરીરરૂપ યંત્રમાં

બેઠેલાં સર્વભૂતોને પોતાની માયાવડે ચલાવી રહ્યો છે, તેનેજ શરણે સર્વભાવથી જા. હે ભારત! તેની કૃપાથીજ તું પરમ શાન્તિને તથા શાશ્વત ધામને પામીશ. ૬૧-૬૨

**इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।**
**विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥६३॥**

આ પ્રમાણે મેં તને ગુહ્યથી પણ ગુહ્ય-તર એવું જ્ઞાન કહ્યું; હવે એનો પુરેપુરો વિચાર કરીને જેમ તારી ઇચ્છામાં આવે તેમ કર. ૬૩

**सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।**
**इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम्**

ફરી પણ સર્વ ગુહ્યોમાં ગુહ્યતમ એવું મારૂં પરમ સારભૂત વચન સાંભળ. તું મારો અત્યંત પ્રિય હોવાથી તને તારૂં ખરૂં હિત કહુંછું. ૬૪

**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।**
**मामेवैष्यासि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे**

"મારામાંજ મન રાખ; મારોજ ભક્ત થા; મારૂંજ પૂજન કર અને મનેજ નમસ્કાર કર."

તને પ્રતિજ્ઞાથી કહુંછું કે એથી તું મનેજ પ્રાપ્ત થઇશ; કેમકે તું મને પ્રિય છે. ૬૫

**सर्वधर्मान्परि॰ज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्वपापेभ्यो मो॰यिष्यामि मा शुचः॥**

માટે સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને મને એકને જ શરણ થા. હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, શોક ન કર. ૬૬

**इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।**
**न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्य॰यति**

આ ગુહ્યજ્ઞાન તારે અતપસ્વીને, અભક્તને, સેવારહિતને, સાંભળવાની ઇચ્છા વગરનાને તથા મારો દ્વેષ કરનારને કહેવું યોગ્ય નથી. ૬૭

**य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ॥**
**भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः६८**

આ પરમ ગુહ્યજ્ઞાન જે કોઈ મારા ભક્તોને સમજાવશે; તે પણ નિઃસંશય મારી પરાભક્તિ કરીને મનેજ આવી મળશે. ૬૮

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मा न्यः प्रियतरो भुवि ॥

સકળ મનુષ્યોમાં તેના કરતાં મારૂં વધારે પ્રિય કરનાર કોઈ નથી; અને મને પણ આ ભૂમિમાં તેનાથી વધારે પ્રિય કોઇ નથી. ૬૯

अध्येष्यते च य इमं धर्म्यं संवा मावयाः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥

આપણા બેઉના આ ધર્મમય સંવાદરૂપ ગીતાશાસ્ત્રનું જે સદ્‌ભાવથી અધ્યયન કરશે; તેણે જ્ઞાનયજ્ઞવડે મારૂં પૂજન કર્યું એમ હું સમજું છું.

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।सोऽपि
मुक्तः शुभाँल्लोकान् प्राप्नुयात्पुण्यकर्मणा॥ ७१

જે મનુષ્ય દ્વેષરહિત અને શ્રદ્ધાવાન થઈને આ ગીતાશાસ્ત્રનું માત્ર શ્રવણ કરશે; તે પણ પાપોથી છુટીને પુણ્યકર્મવાળાઓના શુભ લોકોને પામશે.

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रणष्टस्ते धनंजय ॥७२॥

હે પાર્થ! તેં આ જ્ઞાન એકાગ્રચિત્તે સાંભળ્યું ?

હેધનંજય ! તારો અજ્ઞાનજન્ય મોહ નષ્ટ થયો ?

अर्जुन उवाच । અર્જુન બોલ્યા:-

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ७३

હે અચ્યુત ! આપના પ્રસાદથી મારો મોહ નષ્ટ થયો: મને કર્તવ્યની સ્મૃતિ થઇ; હું સંદેહ-રહિત થયો, હવે આપની આજ્ઞા પ્રમાણે કરીશ.

संजय उवाच । સંજય બોલ્યા:-

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥७४॥

હે ધૃતરાષ્ટ્ર ! એ પ્રમાણે ભગવાન વાસુદેવ અને મહાત્મા અર્જુન વચ્ચેનો આ અદ્ભુત તથા રૂવાં ઉભાં કરે એવો સંવાદ મેં સાંભળ્યો.

व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् । योगं
योगेश्वरात्कृष्णात् साक्षात्कथयतः स्वयम् ७५

આ પરમ ગુહ્ય યોગ કે જેને સાક્ષાત યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતેજ કહેતા હતા; તે ભગવાન વ્યાસમુનિની કૃપાવડે હું સાંભળી શક્યો. ૭૫

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥७६
तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।
विस्मयो मे महान् राजन् हृष्यामि च पुनःपुनः

હે ધ્રુતરાષ્ટ્ર રાજન્ ! કેશવ અને અર્જુનના આ અદ્ભુત અને પુણ્યદાયક સંવાદને સંભારી સંભારીને હું વારંવાર હર્ષ પામું છું; અને શ્રીહરિનું તે અતિ અદ્ભુત વિશ્વરૂપ પણ સંભારી સંભારીને હે રાજન્ ! મને મહાન આશ્ચર્ય થાય છે, તથા હું રહી રહીને આનંદ પામું છું.૭૬—૭૭

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥७८

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને જ્યાં અર્જુન જેવો ધનુધારી છે; ત્યાંજ સંપત્તિ, વિજય, ઐશ્વર્ય અને અચળ નીતિ છે; એમ મારો મત છે.

हरिः ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे मोक्षसंन्यासयोगो नामअष्टादशोऽध्यायः ॥ १८ ॥

# ગ્રંથસેવનના લાભ.

"ગ્રંથોનો સ્નેહ એ પ્રભુના રાજ્યમાં જવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાંચન એ ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા અખૂટ ભંડારથી જે સંતોષ નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલે આટલે સાધને જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શું ફેર ?"

"સદ્ગ્રંથ વિનાનું ઘર જીવ વિનાના મુરદાની ઘોર જેવું છે.

"જેના ભાગ્યમાં સારા ગ્રંથો વાંચવાના હોય, તેના આગળ ચંચળ લક્ષ્મીના શુષ્ક વિનોદ શી ગણતરીમાં ?"

**મ૦ ગાંધીજી** કહે છે કે "પુસ્તકોમાં હું ગુંથાયલો રહી શકતો તેથી મને વધારે જેલ મળત તોપણ હું કાયર નહિ થાત; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે; તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઈથી વેઠી શકે છે.×××એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર વિચાર પણ કરી શકશો."

**સ્વામી વિવેકાનંદજી** કહે છે કે "તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો; પણ એવું તો તમે જેમ થોડું વાંચો તેમજ સારૂં. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં સારાં પુસ્તકો વાંચો; કેમકે તેની તમારે આખા જીવન સુધી જરૂર છે."

# શ્રીમદ્ ભગવદ્ગીતા

**ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે** "હે અર્જુન, આપણા આ ધર્મ્ય સંવાદનું જે કોઇ પઠન કરશે; તેણે જ્ઞાનયજ્ઞથી મારૂં પૂજન કર્યું છે એમ હું સમજીશ."

**શ્રીજ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે** "ભગવદ્ગીતા મૂર્તિમાન વેદજ હોઇને ઔદાર્યમાં તે વેદ કરતાં શ્રેષ્ઠ છે."

**મહાત્મા ગાંધીજી** કહે છે કે "એક વખત મારો અંતકાળ પાસે આવેલો મને જણાયો, તે વખતે ગીતા મને બહુજ આશ્વાસનરૂપ થઈ હતી."

**મહાત્મા થૉરો** કહે છે કે "પ્રાચીન યુગની સર્વ સ્મરણીય વસ્તુઓમાં ભગવદ્ગીતાથી શ્રેષ્ઠ કોઈ પણ વસ્તુ નથી. × × ગીતાની સાથે સરખાવતાં જગતનું આધુનિક સર્વ જ્ઞાન મને તુચ્છ જણાય છે. × × હું રોજ પ્રાતઃકાળે મારાં મન બુદ્ધિને ગીતારૂપી પવિત્ર જળમાં નવરાવું છું."

આવા મહિમાવાળી ગીતાનો પાઠ દરરોજ કરજો.

**સટીક ભગવદ્ગીતાઓ**–ગુજરાતી, હિન્દી, અને મરાઠી ટીકા સાથેના જુદા જુદા ગુટકા. કાપડી કિંવા રેશમી પાકું પૂઠું ૦॥, પટ્ટીવાળું પાકું પૂંઠું ૦॥=

**મૂળ મૂળ ભગવદ્ગીતાઓ**–આમાં છે તેવા અક્ષરમાં ૦)॥, મોટા અક્ષરમાં ૦।- વધુ મોટા અક્ષરમાં ૦॥=

**મૂળમૂળ પંચરત્નગીતાઓ**–આમાં છે તેવાજ અક્ષરમાં ૦।-, મોટા અક્ષરમાં ૦॥, વધુ મોટા અક્ષરમાં ૦॥=

**સસ્તું સાહિત્ય વ. કાર્યાલય–અમદાવાદ અને મુંબઇ.**

**તેર વરસથી પાંચ હજારની સંખ્યામાં નીકળતી**
**આખા હિંદમાં સર્વથી પહેલી તથા સસ્તી**

# વિવિધ ગ્રંથમાળા

આ માળા દ્વારા અત્યાર સુધીમાં સેંકડો ઉપયોગી પુસ્તકો નીકળી ચૂકયાં છે. હાલ તેનાં વાર્ષિક ગ્રાહકોને દરવર્ષે ૧૫૦૦ પૃષ્ઠનાં પુસ્તકો પોસ્ટેજ સાથે માત્ર રૂ. ૩ામાં અને પાકાં પૂઠાં સાથે ૪ામાં અપાય છે. ગમે ત્યારે ગ્રાહક થવા છતાં વર્ષની શરૂથીજ પુસ્તકો અપાય છે. આ સંસ્થાનાં બીજાં પુસ્તકો નીકળતાં તેની પણ આ માળામાં ખબર અપાઇ તરતમાં લેનારને તે ખાસ કિફાયતે મળે છે. આ માળાનાં આગલાં જે પુસ્તકો હજી મળે છે તેનો સમાવેશ આ પછીના પાનમાં છે.

**આ ખાતાનાં પુસ્તકો મંગાવનારને સુચના.**

૧-પોસ્ટેજ માફ ના લખ્યું હોય તે દરેકનું અલગજ સમજવું. ૨-બહારથી મંગાવનારે અમદાવાદજ લખવું. ૩-મંગાવ્યા પૈકી જે પુસ્તક ન આવે તે ખલાસ થએલું સમજવું. ૪ રૂ. ૧)થી ઓછાનાં પુસ્તકાદિ મંગાવનારે મ. ઓ. કે ટિકિટોજ મોકલવી. ૫-પુરૂં મૂલ્ય મોકલીને પાંચ દશ રૂા. નાં સામટાં પુસ્તકાદિ રેલરસ્તે મંગાવતાં બહુ ઓછા ખરચે આવશે. ૬-૨૫, કે વધુનાં લેનારને કમીશન પણ મળશે. ૭-વિગતવાર સૂચીપત્ર મફત મોકલાશે. ૮-દાનના દરેક પ્રસંગે "જ્ઞાનયજ્ઞ ફંડ" ને યાદ કરજો.

**સસ્તું સાહિત્ય વ૦ કા૦-અમદાવાદ અને મુંબઈ.**

# उत्तम अने सस्ता ग्रंथो.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાઓ-જુઓ આની આગલા પાનમાં
સ્વામી વિવેકાનંદ-ભાગ ૬-૭ પૃ૪ ૪૨૦ રૂ.૧
સ્વામી વિવેકાનંદ-ભાગ ૮ ,, ૫૮૦ ૧।।
સ્વામી વિવેકાનંદનું ચરિત્ર ,, ૭૪૦ ૨
શ્રીરામકૃષ્ણ કથામૃત-ભાગ ૨ જો,, ૪૧૬ ૦।।।≈
સ્વામી રામતીર્થ-ભાગ ૫,૬,૭,છુટા,, ૮૦૦ ૧।।~
આગળ ધસો ... ... ... ,, ૫૮૦ ૧
ભાગ્યના સૃષ્ટાઓ ... ... ,, ૭૨૦ ૧।।
સુખ સામર્થ્ય અને સમૃદ્ધિ... ,, ૫૫૨ ૧)≈
પ્રભુમય જીવન... ... ... ,, ૨૧૬ ૦।।
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન ,, ૧૨૮ ૦।≈
સ્વર્ગનાં રત્નો ... ... ... ,, ૩૮૬ ૧
ટુંકી વાર્તાઓ-ભાગ ૩,૫,૬,૭, ,,૧૧૪૦ ૩)≈
સુબોધક નીતિકથા ... ... ,, ૨૧૬ ૦।≈
સદ્‌ગુણી બાળકો ૦।~ બાળ સદ્‌બોધ ૦।૦।।
બાળકોની વાતો ૦। દુ:ખમાં વિદ્યાભ્યાસ ૦।
સુંદર છબીઓ-ભગવાનની, સર્વદમનની તથા વ્યાસ-
ગણેશની, દરેકનું કદ ૭×૧૦, મૂલ્ય૦)~દશપ્રતનો રૂ૦।।

સસ્તું સાહિત્ય વ૦ કાર્યાલય-અમદાવાદ અને મુંબઇ

# उत्तम मोटा ग्रंथो.



---


અમદાવાદમાં "સસ્તું સાહિત્ય મુદ્રણાલય"
મુદ્રક અને પ્રકાશકઃ ભિક્ષુ-અખંડાનંદ